# પનઘટનો 'સૃષ્ટિરૂપેણ સંસ્થિતા' અનોખો કાર્યક્રમ

## શહેરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા કલાકાર અભિવાદન કાર્યક્રમમાં નારી ગૌરવ ગાન અને નર્તનના અનોખા કાર્યક્રમની પ્રસ્તુતિ : રાજયના પ્રતિષ્ઠિત કલાકારોની ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા કલાકારોનો સન્માન સમારંભ યોજાયો હતો અને આ પ્રસંગે જાણીતા ગુજરાતી ગાયક કલાકારો ગાર્ગી વોરા અને હિમાલી વ્યાસ દ્વારા નારી ગૌરવ ગાનની અદભૂત પ્રસ્તુતીઓએ પ્રેક્ષકોના મન જીતી લીધા હતા. ગુજરાતી ભાષાના લોકપ્રિય પ્રવકતા ડૉ. માર્ગી હાથીએ સમગ્ર કાર્યક્રમનું વિવિધતાપૂર્વક રસદર્શન કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય માહિતી કમિશનર શ્રી વી.એસ. ગઢવીએ પનઘટ કલા કેન્દ્રની પ્રવૃત્તિને બિરદાવતા કહ્યું હતું કે પનઘટે ગાંધીનગરનું નામ દેશભરમાં ગૂંજતું કર્યું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, કલાગુર્જરી અને શિવરંજની સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જયરાજસિંહ સરવૈયા, અમદાવાદ આવિષ્કારના શ્રી કલ્પેશ દલાલ, ગાંધીનગરના ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા અને જાણીતા સંગીતકાર શ્રી નૈનેશભાઈ જાનીના વરદહસ્તે કલાકારોનું સન્માન અભિવાદન કરાયું હતું.

'સૃષ્ટિરૂપેણ સંસ્થિતા' કાર્યક્રમમાં પનઘટ કલા કેન્દ્રની કલાકારોએ ત્રણ નૃત્ય પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત ગાર્ગી વોરા અને હિમાલી વ્યાસે નારી ઉદયથી નારી ગૌરવના અનેક સ્વરૂપને અભિવ્યકત કરતા લોકભોગ્ય ગીતો રજૂ કરતા શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા. આ કાર્યક્રમમાં સગીત સંચાલન શ્રી શૈલેષ ઠાકર અને બલવંત સિંધા દ્વારા કરવામાં આવ્યું હતું.



આ અભિવાદન સમારોહમાં પનઘટ કલા કેન્દ્રની સફળતાના સાચા સહભાગી સમા કાલાકારોનું અભિવાદન કરાયું હતું. જેમાં મિતિ ભટ્ટ, અંકિત પટેલ, ડૉ. અન્વી શાહ, હીર શુકલ, મિલન પટેલ, ભવ્યા ભટ્ટ, ડૉ. અનુપા પંડયા, વૈદેહી પંડયા, મોનિકા ભાટિયા, ખુશ્બુ ભાવસાર, માનસી રાવલ, પ્રેરણા તિવારી, અમરદીપસિંહ હાડા, ફોરમ તન્ના, ભૂમા દવે, ઉષા પ્રજાપતિ, જીજ્ઞા પટેલ, ઈશા ભટ્ટ, જીનલ દખણી, દિવ્યા પંડયા, ડૉ. અનુજા પુરોહિત, દષ્ટિ પુરોહિત, વીરભદ્રસિંહ સોલંકી, હેમાંશી ઓડેદરા, ધરતી કંદોઈ, મેહુલ ભોજક, વ્યોમા ભટ્ટ પટેલ, રિયા હુડાની, પ્રાચી સાલવી, હની ચિતરિયા, નૈસર્ગી જોષીનો સમાવેશ થયો હતો.

આ પ્રસંગે ગુજરાતના જાણીતા કલાકારો વિભાબેન દેસાઈ, આભાબેન દેસાઈ, પ્રહર વોરા, સંપદા દેસાઈ, શ્રી સુખદેવભાઈ પંડયા જાણીતા સાહીત્યકાર શ્રી ભાગ્યેશ જહા, દોલત ભટ્ટ અને એ.બી. જવેલ્સ અમદાવાદના શ્રી મનોજભાઈ સોનીની પ્રેરક ઉપસ્થિતિએ પનઘટને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના પ્રારંભે અનોખા અભિગમ સાથે સંસ્થાના પ્રમુખ ભાવિન પટેલે સૌ મહેમાનો અને કલાકારોનું અભિવાદન કરી સંસ્થાની ૧૫ વર્ષની યાત્રાનો ચિતાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હિરેનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અધિકારીઓની તપાસમાં બે ગુટલીબાજ ઝડપાતા તલાટીઓની કપાત પગાર રજા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં છાલા અને ધણપના તલાટીઓ જિલ્લા કક્ષાના અધિકારીઓની તપાસ દરમ્યાન પંચાયત કચેરીમાં હાજર ન જણાતાં તેમની તે દિવસની કપાત પગાર રજા ગણવાનો નિર્ણય જિલ્લા કક્ષાએથી લેવામાં આવ્યો છે.

તલાટીઓને ફરજનું મુખ્યમથક નહિ છોડવા માટે વારંવારની તાકીદ પણ જિલ્લા તંત્રએ કડક વલણ અખત્યાર કર્યુ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ તપાસ માટે અધિકારીઓને પણ કડક તાકીદ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતોપ્રમાણેજિલ્લાના ચારેય તાલુકામાં દર માસે યોજાતી માસિક બેઠકમાંપણ છ જેટલા તલાટીઓ પૂર્વમંજૂરી વગર ગેરહાજર રહેતાં તેમને નોટીસ ફટકારી અને ખુલાસો પુછવામાં આવ્યો છે.

જિલ્લાતંત્ર દ્વારા એકાએક સખ્ત હાથે કામ લેવામાં આવતાં તલાટીઓમાં ફફડાટની સાથે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શિક્ષાત્મક કાર્યવાહીનો આ આરંભ થયો છે અને તેમાં હજુ પણ આકરા પગલાં લેવામાં આવી શકે છે.

જિલ્લાના તલાટીઓ સાથે વારંવાર બેઠકોમાં ફરજનું મુખ્ય મથક નહિ છોડવા, માસિક બેઠક સિવાય તાલુકા કે જિલ્લા કચેરીએ પણ આવવુ નહિ અને જો કોઈ અધિકારીએ બોલાવ્યા હોય તો તેની પાસે જતાં પહેલાં સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લેવી અને તે અધિકારી પાસેથી હાજરી માટેનું પ્રમાણપત્ર પણ રજુ કરવાનું રહેશે તેવી વારંવાર સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લા તંત્રએ હવે એકાએક શિસ્તનો દંડો ઉપાડ્યો હોવાથી કર્મચારી આલમમાં પણ ભય પ્રસર્યો છે. જિલ્લા તંત્ર દ્વારા કચેરીઓમાં પણ આકસ્મિક ચેકિંગ તેમજ લેટ કપર સામે પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



## ગાંધીનગરમાં ત્રણ ગમખ્વાર માર્ગ અકસ્માતો સર્જાયા

ગાંધીનગર શહેરમાં બે અલગ અલગ સ્થળે જયારે રાયસણ નજીક એક અકસ્માત મળીને આજે ગાંધીનગરમાં ત્રણ ગમખ્વાર અકસ્માતો સર્જાયા હતા. ચ માર્ગ પર જિલ્લા પંચાયત સામેના માર્ગે સર્જાયેલા અકસ્માતમાં અને સીટી પલ્સ રોડ પર રાયસણ નજીક સર્જાયેલા અકસ્માતમાં બે ગાડીઓ ટકરાઈ હતી. જયારે ઘ માર્ગ પર સે-૬/૭ બસ સ્ટેન્ડ નજીક ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે આ ત્રણેય માર્ગ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા કે જાનહાની થવા પામી નથી. જો કે ત્રણેય માર્ગ અકસ્માતમાં વાહનોને મોટું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

# કોટેશ્વર મહાદેવ ખાતે આજે લઘુરૂદ્ર-મહાઆરતી

## અંદાજે ૫૦૦ લીટર દૂધનો અભિષેક થશે : દર્શનાર્થીઓનો માનવ મહેરામણ ઉમટી પડશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની નજીક આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ કોટેશ્વર ખાતે નવવિકસિત ભવ્ય શિવમંદિર ખાતે મહાશિવરાત્રીનું પર્વ ભારે હર્ષોલ્લાસથી ઉજવાશે. અહીં આ પ્રસંગે લઘુરૂદ્ર પૂજા, ચાર પ્રહર પૂજા તથા મહાઆરતી યોજાશે. આ સાથે અહીં આશરે ૫૦૦ લીટર દૂધનો મહાદેવજીને અભિષેક થશે.

મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે કોટેશ્વર મહાદેવજીના દર્શને એટલી મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે કે જેના કારણે અહીં મેળાનું વાતાવરણ ખડું થઈ જાય છે. મહાશિવરાત્રીએ અહીં વિશેષ પૂજા અર્ચનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આવતીકાલે કોટેશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્ર પૂજાનું આયોજન કરાયું છે જેનો ૧૨ કલાકે પ્રારંભ થશે. જો કે આ પહેલા સવારે ૮ વાગ્યાથી અહીં મહાદેવજી પર સતત દૂધનો અભિષેક પ્રારંભ થશે. જેમાં પહેલા ૨૫૦ લીટર જેટલું દૂધ ચઢાવાશે ત્યારબાદ લઘુરૂદ્ર પૂજા યોજાશે. લઘુરૂદ્ર પૂજા દરમિયાન મહાદેવજીને દૂધ-દહીં, મધ, ઘી, બુરુ ખાંડ, ચંદન જલ, અત્ર જલ, કેસર જલ વગેરેનો અભિષેક કરાશે તેમજ અંતમાં ભસ્મનું લેપન કરાશે. બપોરે ૧ વાગે મહાદેવજીનો શ્રૃંગાર કરાશે ત્યારબાદ બિલિપત્ર ચઢશે. સાંજે સાત વાગે અહીં મહાઆરતી યોજાશે. આ દરમિયાન આખો દિવસ દર્શનાર્થીઓ દ્વારા પણ જલાભિષેક તથા દૂધનો અભિષેક કરાશે જેના કારણે આશરે ૫૦૦ લીટર જેટલું દૂધ મહા શિવરાત્રી પર્વ નિમિત્તે મહાદેવજીને ચઢશે.

કોટેશ્વર મહાદેવજીના મંદિરનો વર્ષ ૨૦૧૧માં જીર્ણોદ્ધાર કરાયો છે અને અહીં સોમનાથ મહાદેવની યાદ અપાવે તેવું નયનરમ્ય મંદિર વિકસિત કરાયું છે. અગાઉનું પૌરાણિક મંદિર આ નવા મંદિરની જગ્યાએ જ હતું જે કાળક્રમે જર્જરિત થઈ જમીનદોસ્ત થતા અહીં તેના પાયા પર જ નવું મંદિર વિકસાવાયું છે. પુરાણા મંદિરનો ઈતિહાસ અંદાજે ૬૦૦ વર્ષ પૂર્વે બાજીરાવ પેશ્વા સાથે જોડાય છે તેવી લોકવાયકા છે આ લોકવાયકા મુજબ બાજીરાવ પેશ્વા અહીંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફરમાં કોઈ મુશ્કેલી ઉભી થતા સાબરમતી તટે નાનકડા મહાદેવજીના મંદિરે રોકાણ કરવું પડયું હતું. આ જગ્યા તેમને ગમી જતા તેમણે અહીં મોટું મંદિર વિકસાવ્યું હતું. તથા એક બ્રાહ્મણ પરિવારને તેની સેવા માટે રોકી આસપાસની જમીન દાનમાંઆપી હતી જયાં આજે કોટેશ્વર ગામ વિકસ્યું છે. વર્ષ ૨૦૧૧માં અહીં નવુંભવ્ય મંદિર વિકસાવાયુંછે. જેમાં નર્મદા નદીમાંથી શિવલીંગ લાવીને સ્થાપિત કરાયું છે. એવું કહેવાય છે કે શિવજીના આર્શીવાદના કારણે નર્મદા નદીમાંથી પ્રાપ્ત શિવલીંગને પ્રાણ પ્રતિષ્ઠાની આવશ્યકતા નથી હોતી તેને સીધું જ પ્રસ્થાપિત કરી પૂજા કરી શકાય છે. દર મહા શિવરાત્રીએ અહીં દર્શનાર્થીઓનો મહેરામણ ઉમટી પડે છે.



### ધોળેશ્વર તથા વાસણિયા મહાદેવ ખાતે મહાશિવરાત્રી ઉજવાશે

ગાંધીનગર તાલુકાના અત્યંત પૌરાણિક અને વિશેષ મહત્વ ધરાવતા બે પ્રમુખ શિવાલયો ધોળેશ્વર મહાદેવ અને વાસણિયા મહાદેવ ખાતે મહા શિવરાત્રી પર્વની પરંપરાગત ઉજવણી કરાશે. અહીં વહેલી સવારથી વિવિધ પૂજા અર્ચન ઉપરાંત મહાદેવજીને જલ, દૂધ, ઘી તેમજ બિલીપત્રનો અભિષેક ચઢાવાશે. અહીં મહાશિવરાત્રી નિમિત્તે દર્શનાર્થીઓનો માનવમહેરામણ ઉમટી પડશે. ધોળેશ્વર મહાદેવ તથા વાસણિયા મહાદેવ મંદિરે લોકમેળો ભરાશે. આ ઉપરાંત શ્રધ્ધાળુઓ અહીં શિવજીની પૂજા અર્ચના કરી જલાભિષેક કે દુગ્ધાભિષેક દ્વારા મહાદેવજીની કૃપા મેળવવા આરાધના કરશે.

### લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

પૂ. તાવરિયાજી નિર્દિષ્ટ 'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય' (શારીરિક, માનસિક, આધ્યાત્મિક)નો દર માસના છેલ્લા શુક્ર, શનિ, રવિ દરમિયાન નિયમિતપણે યોજાતો નિઃશુલ્ક કાર્યક્રમ તા. ૨૪-૨-૨૦૧૭થી તા. ૨૬-૨-૨૦૧૭દરમિયાન સવારે ૮ થી ૯ કલાકે બલરામ મંદિર, ભોંયતળિયે (હોલમાં) સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમનું સંચાલન પ્રવીણભાઈ મજીઠીયા કરશે. આ કાર્યક્રમનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરવામાં આવે છે.

# હોસ્પિટલના પાર્કીંગની હાઈમાસ્ક ટાવરની લાઈટો એકમાસથી બંધ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કીંગ પેલેસમાં આવેલ હાઈમાસ્ક ટાવરની લાઈટો છેલ્લા એક મહિનાથી બંધ છે. સાંજ ઢળતાં જ પાર્કીંગ એરીયામાં અંધકાર છવાઈ જવા પામે છે. ત્યારે પાર્કીંગમાં રોજના હજ્જારો વાહનો પાર્ક થાય છે.રાત્રીના અંધકારમાં હોસ્પિટલનું પાર્કીંગ ચોર ઈસમો માટે સોફટ ટાર્ગેટ બની રહે છે. હોસ્પિટલના સંકુલમાંથી થોડા સમય અગાઉ વાહન ચોરીની બુમ ઉઠવા પામી હતી. ત્યારે વાહનોની સલામતી માટે પાર્કીંગ એરીયામાં હાઈમાસ્ક ટાવરની લાઈટો તંત્ર દ્વારા સત્વરે શરુ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરના રાજમાર્ગો ઝળહળતા રહે તે માટે તંત્ર દ્વારા હાઈમાસ્ક ટાવરની ગોઠવણ કરી છે. આ ટાવર પર મુકવામાંઆવેલ લાઈટો એક કિલોમીટર સુધી અજવાળુ પાથરે છે. શહેરના ગણ્યાં-ગાંઠ્યા સર્કલો પર હાઈમાસ્ક ટાવરની લાઈટો તંત્ર દ્વારા મુકવામાંઆવી છે. જેથી સર્કલની ચારે દિશામાં દુર દુર સુધી લાઈટના અજવાળા પથરાય છે. શહેરના નાગરીકોને આ લાઈટીંગને પગલે અંધકારથી થોડી રાહત મળવા પામી છે. ત્યારે હોસ્પિટલના પાર્કીંગમાં પણ હાઈમાસ્ક ટાવરની લાઈટો ચોતરફ અજવાળુ પાથરતી હતી. જેથી પાર્કીંગ વિસ્તાર રાત્રીના સમયે પણ સતત ધમધમતો જોવા મળતો હતો. હોસ્પિટલના પાર્કીગમાં રોજના હજ્જારો વાહન પાર્કીંગ થાય છે. રાત્રીના સમયે પણ વાહનોનો ખડકલો પાર્કીંગમાં જોવા મળે છે. ત્યારે છેલ્લા એકમાસથી હોસ્પિટલમાં હાઈમાસ્ક ટાવરની લાઈટો બંધ રહેતા દર્દીઓ અને વાહન મુકીને ખબર અંતર પુછવા જતા સ્નેહીજનોને ભારે પરેશાની વેઠવી પડે છે અને મનમા વાહનચોરી થવાનો ભય પણ સતાવે છે. થોડા સમય અગાઉ હોસ્પિટલ સંકુલમાંથી વાહનચોરીની ફરિયાદો ઉઠવા પામી હતી. સંકુલમાં આવેલ પાર્કીંગમાં મોટીમાત્રામાં વાહન પાર્કીંગ થાય છે. તેવા સમયે રાત્રીના અંધકારમાં ચોર ઈસમોને મોકળુ મેદાન મળે તે પહેલા છેલ્લા એક માસથી બંધ હાઈમાસ્ક ટાવરની લાઈટો તંત્ર દ્વારા ઝડપી શરુ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



# રાજભવન ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત અભિનવ સમાધાન કાર્યશાળા

ગાંધીનગર, તા. ૨૩

રાજયની ગ્રામ વિકાસ કમિશનરની કચેરી દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'અભિનવ સમાધાન કાર્યશાળા'નું ગઈકાલે રાજભવનમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં નર્મદા, જૂનાગઢ, મહેસાણા, તાપી, પોરબંદર અને આણંદ જિલ્લાઓના જિલ્લા વિકાસ અધિકારીઓની આગેવાની હેઠળ અભિનવ સમાધાન સમૂહોએ ભાગ લીધો હતો.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં અને નબળા અને ગરીબ લોકોના વિસ્તારોમાં શૌચાલયો બનાવવા તથા શૌચાલય વિહોણા ઘરોમાંતેની સુવિધા ઉભી કરવા માટે કાર્યશાળામાં ભાગ લેનાર જુદા જુદા જિલ્લાઓના અભિનવ સમૂહો દ્વારા જે પ્રયાસો કરવામાં આવ્યો છે, તેને રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યુ હતું કે ગ્રામીણ ક્ષેત્રોમાં ખુલ્લામાં શૌચક્રિયા જતા લોકોને જાગૃત કરવાની આ સમૂહોએ સારી કામગીરી કરી છે. આ જાગૃતિના પરિણામે લોકો ઘરમાં શૌચાલય બનાવવા માટે પ્રેરિત થયા છે અને સાર્વજનિક શૌચાલયોના નિર્માણ થકી પણ આ સમસ્યાને હલ કરવામાં પ્રયાસો થઈ રહ્યા છે, જે પ્રશંસનીય છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ